# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦    અંક : ૨૫૬

પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

*Jay Jinendra...*

*Since 9th November 2016 we all are going through a very strange phase in our life. With demonetization of Rs.500/- & Rs. 1000/- notes, we all are stuck without liquidity. Suddenly we are not spending as we used to, it has made our life so simple.*

*This is one thing we have to give thought to very deeply.*

1) *Do we really need to spend as much as we do?*
2) *Aren't we making our lives complicated by having much more cash in hand than we really need ?*
3) *Simplicity - This is how we should all maintain our lifestyles, whether it is every day lives or functions or holidays. We all need to simplify our lives.*

*The most tragic thing in todays world is, all of us are affected very badly by our lifestyle and it is leading to major health problems. Its called LIFESTYLE DISEASE, B.P. Diabetes, Cholesterol, Hypertension etc., are some examples.*

*I wish everyone gives a serious thought to this phase of life and make our own lives simple and lead a healthy life.*



**Wish you a very Happy & Prosperous New Year 2017**



હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

મંડળના સર્વે સભ્યો તથા તેમના કુટુંબીજનોને આવી રહેલ ઈ.સ.૨૦૧૭ના નવા વર્ષની શુભકામના તેમજ આપ સર્વેને નવું વર્ષ સુખ શાંતિ તથા લાભદાયી રહે એવી ઈશ્વર પાસે પ્રાર્થના.

મંડળની પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ચાલુ છે. ત્રણે દવાખાનાઓના લાભ મંડળના સભ્યો તેમજ ઈતર પ્રજા પણ સારો લઈ રહ્યા છે.

મંડળના હોલની બુકીંગ હાલ લગ્નસરાના કારણે સારી રહે છે. આપણા મંડળના સભ્યોએ પણ ભવનનો સારો લાભ લીધેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા તા.૮-૧૧-૨૦૧૬ના અચાનક અમલમાં મુકાયેલ નોટબંદીના કારણે લોકો અવઢવમાં મુકાઈ ગયા છે અને નવી નોટો મેળવવા તકલિફો વેઠી રહ્યા છે. સરકારની આ નોટબંદીના પ્રત્યાઘાતો કેવા હશે તે તો અર્થશાસ્ત્રી જ કહી શકે પણ આપણા જેવી વેપારી પ્રજાની તકલિફો સમજી શકાય તેવી છે. આશા છે કે સમયઅંતરે બધુ થાળે પડી જશે અને સરકારે ધારેલ સફળતા જરૂર મળશે.



## સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

મંગળવાર તા. ૮-૧૧-૨૦૧૬ના રાત્રે ૮.૦૦ કલાકે દેશના પ્રધાનમંત્રીનો એક મહત્વનો સંદેશ દરેક ટી.વી. માધ્યમથી જાહેર કરવામાં આવેલ કે રૂ.૫૦૦ તથા રૂ.૧૦૦૦ની નોટો તાત્કાલિક બંધ કરવામાં આવેલ છે. તે સાથે તેને લગતા નિયમો પણ જાહેર કર્યા. સૌ પ્રથમ તો લોકોને આ એનાઉન્સમેન્ટને સમજતા વાર લાગી અને ત્યારપછી તો હડકંપ મચી ગયો. ફોન લાઈનો બીઝી થઈ ગઈ, જાણકારી મેળવવા સૌ એક બીજાનો સંપર્ક કરી રહ્યા હતા. **હવે શું ?**

બે દિવસ પછી નવી નોટો તથા રૂ.૧૦૦ની નોટોનું રેશનીંગ શરૂ થયું. મોટી મોટી લાઈનોમાં ઉભા રહી રૂ. ૪૦૦૦ સુધીની જુની નોટો બદલાવી શકાતી-પોતાના બેન્કના ખાતામાંથી પણ કંટ્રોલમાં રૂપિયા ઉપાડી શકાયા.

ભવિષ્યમાં આ નોટ બંધી- demonitisation ના પ્રત્યાઘાત કેવા હશે તે તો ખબર નથી કેમકે આપણે અર્થ શાસ્ત્રી નથી, પણ આપણે ફીઝુલ ખર્ચ પર પાબંધી મુકી દીધી. ફક્ત જરૂરિયાતની ચીજો, તે પણ તાત્કાલિક જરૂરી ચીજોજ ખરીદવા ઉપર મહત્વ આપતા થયા.

ટુંકમાં એક વાત સાચી છે કે આ અનુભવથી આપણે એ શીખી શકયા કે ટુંક ખર્ચમાં આપણે કેમ જીવવું.

Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Priting
**CHANDRAPRABHA GRAPHICS**
**Paras Ramesh Jagirdar 66680780, 40047999**
(જા.ખ.)



# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| ધરોડ ભાવિક મંડળ | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | - |
| શુભસાગર અપાર્ટમેન્ટ, રામકોટ | - | ૧૦૦૦ | - | - | - | - |

ઉપરોક્ત સર્વે દાતાઓનો આભાર

જત જણાવવાનું કે પ્રતિવર્ષ જેમ ૨૬મી જાન્યુઆરીના ધ્વજવંદનનો કાર્યક્રમ કોઈ આશ્રમમાં યોજવાનું નક્કી કરેલ છે. આશ્રમમાં લગભગ ૧૦૦ જણાનું જમવાનું તેમજ રમત ગમત–ડાન્સ–ગીત વગેરેના કાર્યક્રમ રાખવામાં આવે છે. ત્યાંના બાળકોને પ્રોત્સાહન આપવા ગીફ્ટ વગેરે આપવામાં આવે છે. આ સર્વ ખર્ચને પહોંચી વળવા માટે આપનો સહકાર જોઈશે. આપ સર્વ સભ્યોને વિનંતી કે આપની શુભ ઈચ્છા મુજબ રાશી લખાવશો જેથી કાર્યક્રમને સફળ બનાવી શકાય. આશ્રમનું નામ–સ્થળ વગેરે આગામી નિયાંપોમાં આપવામાં આવશે. વધુ માહિતી માટે શ્રી હિતેન સંઘોઈ ફોન નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧નો સંપર્ક કરશો.

*Visit* **HET ENTERPRISES**

*4-1-1237/B, Beside Lane to Brand Factory, Fernadez Hospital Lane, Bogulkunta, Hyderabad*

**Ph : 81219 21999, 80999 66606**

*ONE STOP SHOP FOR ALL JUST BORN BABY ITEMS AND KIDS WEAR*

(જા.ખ.)

**હાથે બનાવેલ તાજા થેપલા – ખાટા ઢોકળા – ખમણ ઢોકળા – ખાંડવી – સેન્ડવીચ ઢોકળા તથા ચોકલેટ તથા ચોકલેટ રોલ ઓર્ડરથી બનાવીને આપશું.**

**આસામની ચા પત્તી–ચાનો મસાલો–હીંગ–બટેટાની ચીપ્સ–બટેટાના મુરકુલ–બટેટાની સલી તથા ચોખાના ખીચીયા–ઓડર પ્રમાણે નાસ્તા બનાવી આપવામાં આવશે.**

સ્ટીલના વાસણ ઘર ઉપયોગી બજાર કરતાં.

વ્યાજબી ઓછા ભાવે મળશે

એક વખત પધારી ખાત્રી કરશો

**લીના એમ. શાહ – ૯૮૪૮૩૭૩૮૦૧, ૯૮૪૮૭૩૩૮૨૦** (જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

વન પ્રસ્થાન કરેલા મિત્ર મંડળના સ્વજનો

શનિવાર તારીખ ૧૪ જાન્યુવારી સંક્રાતિના શુભમુર્હુતે સાંજના ૫.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદમાં આપણે સર્વે મોટી સંખ્યામાં મળશું, તંબોલા રમશું સાથે બેસશુ, મન મુકીને વાતો કરશું. ખાવા પિવાનો પણ આનંદ માણશુ.

"DARR" તંબોલો રમવાનું ભુલશું નહી. ટિકીટ માટે રૂા. ૨૦/–નો અનુદાન પ્રેમથી આપશું. ગ્લાની ભરેલા આપણ મનને હલકો ફુલકો કરી ઘરે પાછા વળતા–વળતા આપણા પોતા માટેજ કઈક સ્ત્રોત્ર ઉભો કરવા સંકલ્પ કરશું. કાર્યક્રમમાં આવતા સમયે સાથે–સાથે કચ્છી મિત્ર મંડળનો ઓળખ પત્ર લાવી લકી ડિપના યાદગાર સ્વરૂપ ઈનામના હકદાર બનશું હજી પણ ખુબ–ખુબ પ્રોગ્રામ છે.

સમયસર પધારવાનું ન ભુલતા કાર્યક્રમને સફળ બનાવશું. આપણા આગળના કાર્યક્રમો માટે સમસ્ત મંડળના સભાસદોમાં એક અનેક કુતુહુલ નિર્માણ કરશું.

## સંસ્થા સમાચાર

❖ **દેઢિયા નુખના ભાવિકાની પહેડી** : ભાવિકો અને નિયાણી બહેનો જોગ, સહર્ષ જણાવવાનું કે દેઢિયા નુખના મામલ માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી રવિવાર, તા. ૧૨–૨–૨૦૧૭ ના શ્રી કચ્છી ભવનમાં નિર્ધારેલ છે. આ શુભ પ્રસંગે ભુવાશ્રી રમણીકભાઈ, મુંબઈથી પધારશે. વધુ વિગત આવતા મહિનાના નિયાંપોમાં આપવામાં આવશે.

## જીવન ચક્ર

### પુત્ર જન્મ

| | | | |
|---|---|---|---|
| અ.સૌ. અંકિતા ઉમેશ નરેન્દ્ર વોરા | તા.૧૬–૧૧–૨૦૧૬ | મુન્દ્રા | હૈદ્રાબાદ |
| અ.સૌ. રોશની તેજસ હરીશ ગાલા | તા.૨૮–૧૧–૨૦૧૬ | વડાલા | હૈદ્રાબાદ |

### પુત્રી જન્મ *(Twins)*

| | | | |
|---|---|---|---|
| અ.સૌ. શ્વેતા મિલિન્દ શશિકાંત નાગડા | તા. ૨૪–૧૧–૨૦૧૬ | વરંડી મોટી | હૈદરાબાદ |

### શુભ લગ્ન

| | | | |
|---|---|---|---|
| યોગેશ નરેન્દ્ર હેમરાજ મૈશેરી | | જખૌ | હૈદ્રાબાદ |
| રચના કુલીન દેવજી સોની | તા. ૨૦–૧૧–૨૦૧૬ | વાંકુ | હૈદ્રાબાદ |

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458
BHAVANA TOURS & TRAVELS
RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27
(જા.ખ.)

## Shanti PRIMARY SCHOOL

સંચાલકઃ હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

We have just completed the journey of the first term of this academic year with a plethora of activities during the month of October and November.

The Co-curricular activities prepares the students in the art of living and working together.

Rhymes continue to be an integral part of pre-school education, as they help children to learn languages and enhance their musical and aesthetic awareness. Keeping this in mind, school organized Rhymes recitation event for Nursery to U.K.G. classess on 26-10-2016.

To enhance speaking skills among the children, Elocution competition was conducted on 27-10-2016 for classes I to V. Each class came out with their own ideas and thoughts on given different topics.

Grand Parents Day was celebrated in school on 4-11-2016. A day for the grand parents to recall their childhood days and cherish their memories with their grand children. It was a day of fun and frolic with interesting and challenging competition for grand parents.

"Travelling enhances knowledge".

Following the principles of Shantiniketan by Rabindranth Tagore, children were taken to Baglingampalli Park, had an open air, class on 14-11-2016. On the same day, remembering Nehruji on his Birthday, Celebrated Children's Day and played games. It was a day of excitement and enjoyment for them.

Let us look forward to a rewarding and satisfying second term.

School cordially invites you on the occasion of 'Sports day Celebration' on 19th December 2016 at 10.00 a.m. at Kutchi Bhawan.

*Happy New Year*

---

# પત્ર પેટી

સપ્ટેબર–૨૦૧૬નો 'નિયાપો'નું અંક તા. ૨૧–૦૯–૨૦૧૬ના પ્રાપ્ત થએલ, ત્યાં સુધી મિત્ર મંડળના ૨–૩ કાર્યક્રમ પતી ગયા હતા જેથી આ કાર્યક્રમના લાભ લઈ ન શકયા.

આપશ્રીની અપીલ, મુજબ ફક્ત તા. ૩૦ સુધી આવનાર અહેવાલ પ્રકાશિત કરશો. પાછળથી આવનાર અહેવાલ બીજે મહિને પ્રકાશીત કરવો, જેથી નિયાંપો મહિનાની ૧૦ તારીખ સુધી પ્રાપ્ત થઈ શકે, તથા થતી અવ્યવસ્થા ટાળી શકાય.

–હંસકુમાર રાયચંદ સાયલા




શુભેચ્છાઓ સાથે :

**પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન**
**જસમત નાનજી પટેલ, શશિકલા કોઠારી,**
**દિનેશ કલ્યાણજી ગોસર, જ્યોતિબેન મહેન્દ્ર મોતા,**
**મુકેશ ભરતભાઇ વંસારીયા, બરકતભાઇ લાખાની**

# ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ સંસ્થાની કાર્યવાહી

- ✓ સંસ્થા દ્વારા ગેરકાયદેસર કતલખાને જતાં અબોલજીવોને પોલિસના સહકારથી કાયદેસર કાર્યવાહી કરી અભયદાન આપવામાં આવે છે.
- ✓ ઉનાળામાં ઠંડી છાસ તેમજ પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવે છે.
- ✓ સંસ્થાની એમ્બ્યુલન્સ દ્વારા ૩૬૫ દિવસ નિરાધાર, રખડતા બિમાર તેમજ ઘવાયેલ પશુ–પક્ષીઓને સારવાર આપવામાં આવે છે.
- ✓ ગુજરાત સરકાર દ્વારા સંસ્થાને અબોલજીવોને બચાવવા બદલ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ છે. તેમજ અત્યાર સુધી ગૌરક્ષક ગીતાબેન રાંભિયા તેમજ સંસ્થાને ૧૮૦થી પણ વધુ પુરસ્કાર એનાયત થયેલ છે.

  જેમાં માનનીય **શ્રી નરેન્દ્ર મોદી**ના વરદ હસ્તે ''ગૌ રત્ન પુરસ્કાર ૨૦૧૩'' તથા ''કચ્છ ગૌરવ પુરસ્કાર'' એનાયત થયેલ છે.

આપણી સંસ્થા દ્વારા કચ્છથી આવતા દર્દીઓને સારવાર આપવામાં મદદરૂપ બને છે. તથા અત્યાર સુધીમાં ૭૦૦૦થી વધુ દર્દીઓને સારવાર અપાવેલ છે. આ કાર્ય માટે સંસ્થાના ત્રણ કાર્યકર્તાઓ ૨૪ કલાક સેવા આપે છે.

## અબોલાજીવોની સેવા એ જ પ્રભુ સેવા
## પશુ બચાઓ – દેશ બચાઓ

સંસ્થાને સહાય આપવા માટે મળો

## ભરત બુદ્ધીધન ભટ્ટ

### જ્યોતિષ તેમજ વાસ્તુ સલાહકાર

કોઇપણ પ્રકારની મુંજવણ તથા તકલીફનો સચોટ અને સાચો ઉપાય એટલે **પંડીત ભરત ભટ્ટ**
૪–૩–૨૧૨, કે.એસ.લેન, સુલતાન બજાર,
કોઠી, હૈદ્રાબાદ ૯૫. ફોન ૯૪૪૦૪ ૯૮૩૦૮

(જા.ખ.)

# વિવિધા

## THE MODI EXPERIENCE

*On 25th November 2016 we cooked the Gujarati Dinner and the 26th November 2016 breakfast for our beloved Prime Minister Sri Narendra Modiji during his stay at the National Police Academy, Shivrampally.*

*On the 29th October 2016, we were called and requested to cater to the food requirements of PM's visit. He had sent his menu from New Delhi itself.*

*I asked my wife Kalpana if she could handle the show as it not only required to be perfect in quality and taste but also we had to meet the very high security protocol set by the security department in the SPG.*

*We had to shift our kitchen to NPA and we handpicked our cooks and staff and Kalpana had to make several trials before finalising the required taste and presentation. We had to put in our staff at the NPA 24 hours before and we all had to give our photos, 2 ID proofs for the issue of entry pass this event to the NPA.*

*Every ingredient was lab tested before we could use it by the security department.*

*Once we finished preparing the food all the samples were collected for Lab testing again. After the lab testing was over, we had to eat the food and also the security people ate the food. After this 45 minutes, drill we were all set to serve the PM his dinner.*

*The time for dinner was 8 p.m. to 9 p.m. and being a perfectionist, the PM arrived at 7.58 pm along with Home Minister, Sri Rajnath Sing. We began serving which went in the prepared requence.*

*All during the dinner he was involved in intense discussion with the DGP's of all the states.*

*Modiji enjoyed the food prepared by us as he asked more serving of "Patra nu Shak, Pulao and Kadhi".*

*He was very happy and thanked us for the good food. We were very happy that we could give him a satisfying dinner.*

*The next morning we served him Methi Thepla and Chunda for breakfast.*

*It was a great experience though it was very stressful as we were put under lots of pressure. Every ten minutes, the SPG would come and warn us that if any thing goes wrong we would be in trouble.*

*We learnt the following thing*

1) *We were called in as we were known for delivering quality product and on time.*
2) *We should have complete confidence in rising upto the Prime Ministers level though we have never done out door catering.*
3) *To serve under so much pressure from SPG (Spectral Protection Group) and still be cool and calm.*
4) *We were honest in telling them of our inexperience in out door catering but they promised to support us as long as we gave home like, down to earth high quality food.*

*It was an offer we would not resist as it was an honour that we were selected and invited to serve our PM. Its an experience we will never forget.*

***- Susheel Dhirajlal Kapadia***


દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

"We have Mentors with Mind of A Teacher & Heart of A Parent"

Proudly announces the commencement of LKG

HUNNY BUNNY Play School

Admissions Open

• Contact •
Surbhi Vora 9491123843
Mamta Vora 9391233045
Nipa Vora 9533904870

Learning n Beyond
Playgroup & Nursery

3-4-512/28,1st Floor,
Barkatpura Colony Garden,
Barkatpura, Hyderabad - 27,
Phone 64642425,
Email: hunnybunnyhyd@gmail.com
(જા.ખ.)

# ભારતના નવનિર્માણ માટે રાષ્ટ્ર ચેતના

નવા ભારતના નવનિર્માણ માટે પોતાના માથે મોટું જોખમ ઉઠાવી આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્રઢ નિશ્ચય, મજબુત મનોબળ. એક ઉદ્દેશ્ય, સંકલ્પ અને કટિબધ્ધતા સાથે ભારતના નવનિર્માણનું અભિયાન હાથ ધર્યું છે, જે માટે ૧૨૫ કરોડથી વધુ દેશવાસીઓનો સહકાર માંગ્યો છે અને દેશની પ્રજાએ ડગલે-પગલે પડનારી મુસીબતો અને તકલીફોને નજર અંદાજ કરી હસતે મોઢે સહન કરવાની ભાવના સાથે પ્રધાનમંત્રીશ્રીના ભ્રષ્ટાચાર-આતંકવાદ-કાળા ધન અને દેશનું લોહી ચૂસતા બોરીંગો સામેની લડતમાં સહયોગ આપવા તત્પર બની છે. વિશ્વના સૌથી મોટા લોકતંત્રના એક નવા સ્વાતંત્ર્ય પર્વના સ્વપનને સાકાર કરવા સંકલ્પ સાથે પ્રજા ત્યાગ-તપસ્યા દ્વારા સહયોગ થોડા સમય માટે કાયમ રાખશે તો એક એવા દેશનું નિર્માણ થશે જે આવનારી પેઢીઓના સુવર્ણ ભવિષ્ય માટેની એક મહાન લડત સાબિત થશે. સવાસો કરોડ દેશવાસીઓની આ ટીમ આપણાં રાષ્ટ્રને નવી ઉંચાઈઓ પર પહોંચાડશે.

સદીઓથી આપણા મહાપુરૂષોના બલિદાન, ભારતની અસ્મિતા માટે પોતાના માથા કપાવી સંઘર્ષ કરનારાઓ, જવાની જેલમાં ખપાવતા-યાતનાઓ સહન કરનાર સ્વતંત્ર્ય સેનાનીઓ આઝાદીના સપના માટે સંકલ્પ ન છોડયા એ બધાને યાદ કરવાનો સમય ફરી પાછો આવ્યો છે. આઝાદી પછી પણ વિશ્વભરમાં ભારતનું શીશ ઊંચું કરવાનું અભિનંદનીય કાર્ય પણ ભારતના ગણમાન્ય નાગરિકોએ કર્યું છે. ભારતની વિવિધતા-વિશાળતા-વિશેષતાઓની વિશ્વમાં ગુણગાથા ગવાય છે. ભારતના જન-જનમાં સરળતા, ખૂણા-ખૂણામાં એકતા આપણા રાષ્ટ્રની પૂંજી અને શક્તિને સદીઓથી સાચવતા આવ્યા છીએ. છેલ્લા વર્ષોમાં દેશની જનતાને વિખરાઈ જવાના પ્રયાસો, જાતિવાદનું ઝેર અને સંપ્રદાયવાદનું ઝનૂન ફેલાવનારા આ ઝેરીલા સાપોને જવાબ આપવા ચેતના પ્રકટ કરવાનો સમય આવ્યો છે. વિકાસની કેડી કંડારવાનો સમય આવ્યો છે. લોકતંત્રમાં જન ભાગીદારી એ સૌથી મોટી મૂડી હોય છે. સવાસો કરોડ જનતા અગર એક પગલું આગળ ભરશે તો દેશ સવાસો કરોડ કદમ આગળ વધશે.

દેશના ખાડે ગયેલા કુશાસન સામે લડવા, ગરીબોને ગરીબીમાંથી મુક્તિ અપાવવા અને સ્વચ્છ શાસન વ્યવસ્થાઓ માટે આંખોમાં સપનાં ભરી પ્રધાનમંત્રીશ્રી આપણી વ્યવસ્થાઓ, આપણા સંસાધનો, આપણી યોજનાઓ, સુવર્ણ ભારત માટેના કાર્યક્રમોને સુચારૂ વહીવટ દ્વારા એક નવા વિશ્વાસ, શક્તિ અને પરિશ્રમની પરાકાષ્ઠા સાથે વિશ્વાસનું એક નવું વાતાવરણ ઉભું કરી સપનાઓને સાકાર કરવા પડકારો ઝીલી આગળ વધી રહ્યા છે.

વર્ષો અગાઉ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છતાં પણ ગરીબો બેંકના દરવાજે પણ ન પહોંચી શકયા. ગરીબોને અપાતી સબસિડી, સહાયો. વગેરે ૯૦ ટકા વચેટીયાઓજ સ્વાહા કરી જાય છે. ૧૦ ટકા રકમ માંડ ગરીબો સુધી પહોંચી છે. એ બદ્દીને દૂર કરવા ઝીરો બેલેન્સના જન ધન ખાતાઓ પ્રધાનમંત્રીશ્રીએ ખોલાવ્યા. લગભગ ૨૦ કરોડ ખાતાઓ ઝીરો બેલેન્સથી ખોલવામાં આવ્યા છતાં પણ ફૂલની પાંખડી સ્વરૂપે ૨૦ હજાર કરોડથી વધુ રકમ આ બેંક ખાતાઓમાં ભરી ગરીબોએ અમીરી બતાડી. પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના દ્વારા સલામતી કવચ ગરીબો સુધી પહોંચાડવામાં પ્રધાનમંત્રી સફળ રહયા. મહિને ૧ રૂપિયો- વર્ષે ૧૨ રૂપિયા બેંકમાં ભરી સુરક્ષા વીમાથી પરિવારમાં આપતિ સામે રૂા. બે લાખનું વળતર, જીવન જ્યોતિ વીમા

॥ શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા, ભેદા અને ફુરીયા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે છેડા, ભેદા અને ફુરીયા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૧-૧-૨૦૧૭ રવિવાર સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા, ભેદા અને ફુરીયા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

**માતાજીનું સામૈયુ તથા સ્થાપના ....................... ૦૯.૩૦ કલાકે**

**માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા...... ૧૦.૦૦ કલાકે**

**ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી ........ ૧૨.૦૦ કલાકે**

**માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ .................... ૧૨.૧૫ કલાકે**

**માતાજીની આરતી ................................ ૧૨.૩૦ કલાકે**

**માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) ..................... ૦૧.૦૦ કલાકે**

આ વર્ષની પહેડી

## માતુશ્રી વિમલાબેન મગનલાલ ભેદા પરિવાર

(જુ. ખ.)

તરફથી રાખવામાં આવેલ છે.

લી. **છેડા-ભેદા-ફુરીયા ભાવિક સંઘ**, હૈદ્રાબાદના જયજિનેન્દ્ર

**સંપર્ક : દેવચંદ છેડા-મો. ૯૨૯૦૦૬૫૧૫૬, પોપટલાલ છેડા-મો. ૯૪૪૦૦૫૫૧૧૩**
**રતીલાલ છેડા-મો. ૯૩૯૪૪ ૫૪૫૫૬, અમૃતલાલ ભેદા-મો. ૯૮૪૯૦ ૦૧૯૯૧**

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.

યોજનામાં વર્ષના ૩૩૦ રૂપિયા ભરતા પરિવારના આરોગ્ય માટે રૂા. બે લાખ જેવી સફળ યોજનાઓ આવી. ગામે ગામ શૌચાલય બનાવવા તથા જન-જન ને સ્પર્શનારી સ્વચ્છ ભારત અભિયાનને લોકોએ સ્વીકારી. અસંગઠિત શ્રમિકો-કામદારોને વિશેષ ઓળખપત્ર દ્વારા સુરક્ષા આપવામાં આવી. દેશમાં ભ્રષ્ટાચાર ઉધઈની જેમ લાગેલો છે. ગેસ સિલિન્ડરમાં ૧૫ હજાર કરોડની ચોરી બંધ કરાવી. સક્ષમ લોકોને આહવાન કર્યું કે સ્વેચ્છાએ ગેસ સબસિડી છોડે તો ગરીબોના રસોડામાં ૨૦ લાખ નવા જોડાણો પહોંચાડી શકાય. જેના પ્રતિસાદ રૂપે અત્યાર સુધી ૨૦-૨૫ લાખથી વધુ લોકોએ ગેસ સબસિડી છોડી. છેલ્લે થયેલા કોલસા-સ્પેક્ટ્રમ જેવા ઘોટાળા તેમજ અગાઉના સેંકડો ઘોટાળાથી આપણે સૌ માહિતગાર છીએ. હિન્દુસ્તાનની સંપતિને લુંટનારાઓમાં ડરની લાગણી પેદા થઈ છે. દેશ બહાર ગયેલ કાળા નાણાંને બહાર કાઢવા તથા વિકાસની નવી કેડી કંડારવા અનેક દેશો સાથે સંધિઓ થઈ. જી-૨૦ સમિટમાં ભારતના આગ્રહ પર કાળા ધન વિરૂદ્ધ પ્રસ્તાવ કરાયો. દેશમાં કાળા નાણા વિશેનો કઠોર કાયદો પસાર કર્યો.

વિકાસની નવી કેડી કંડારવા 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા', 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' 'મેક ઈન ઇન્ડિયા' જેવા પ્રોગ્રામો ફૂલ સ્પીડથી કાર્યરત થયા. દેશની સરહદે પ્રાણ ન્યોછાવર કરતાં બહાદૂર જવાનોના બંધાયેલા હાથ ખોલવામાં આવ્યા. ડિજિટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં પણ આપણે ખૂબજ આગળ વધ્યા છીએ. આઝાદ ભારતમાં ૭૦ વર્ષો પછી પણ લગભગ ૧૮,૫૦૦ ગામો જે વિજળીથી વંચિત છે. ત્યાં ૧૦૦૦ દિવસમાં વિજળી પહોંચાડવા સંકલ્પબધ્ધ કાર્યો આગળ વધી રહયા છે. ઉત્તર પૂર્વના રાજ્યો હજી સુધી વિકાસથી વંચિત રહ્યા છે ત્યાં વિકાસ કાર્યો યુધ્ધ સ્તરીય ધોરણે શરૂ થઈ ગયા. ખેત પેદાશો વધારાવા-પીવાનું પાણી દેશના ખૂણે ખૂણે મળી રહે, ઘર ઘર ગેસ ચુલ્લા સળગે એવી પ્રાથમિક જરૂરિઆતોને પ્રાધાન્ય આપી એ દિશામાં ઝડપી કદમ ઉઠાવી કાર્યો ચાલી રહયા છે. બેરોજગાર યુવાનોને રોજગારી, સેનાના જવાનોના કલ્યાણના કાર્યો, ખેતીનો વિકાસ, રેલ્વેમાં સુધાર, કિસાન કલ્યાણ, ઈન્ફ્રાસ્ટ્રકચર્સ દરેક ક્ષેત્રે કાર્યોને ગતિશીલ કરવામાં આવ્યા. મનરેગા-બાળકોની સ્કોલરશીપ વગેરે સહાયો સીધી જન-ધન એકાઉન્ટમાં પહોંચાડી વચેટીઆનો કાંટો કાઢવામાં આવ્યો.

આઝાદીના દાયકાઓ પછી પણ દેશમાં વ્યવસ્થા તંત્ર દિન-બ-દિન ખાડે જતું હોવાનું આપણે સ્પષ્ટ મહેસુસ કરીએ છીએ. સ્વાભિમાની-ગૌરવશાળી-સમૃદ્ધ રાષ્ટ્રના સપનાં આંખમાં ભરીને કોઈ વડાપ્રધાન આપણાં સૌના ભવિષ્ય માટે વગર છૂટી-રજાએ દિવસના ૧૮-૧૮ કલાકો સુધી કામ કરે છે. શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે આવનારા નજીકના ભવિષ્યમાં આ દેશમાં કોઈ ગરીબ ઘર વગરના ના રહે. ૨૪ કલાક વિજળી મળતી રહે, પીવાનું પાણી દેશના ખૂણે ખૂણે પહોંચે, ખેડૂતો સક્ષમ બને, મહિલાઓ-બાળકો સશક્ત હોય, યુવાનો સ્વાવલંબી હોય, વડીલો તંદુરસ્ત રહે, ગરીબ સંપન્ન હોય, સમાજમાં કોઈ વિકાસથી વિંચિતના રહે, આપણાં દરેકના અધિકાર સમાન હોય, સમગ્ર ભારતીય સમાજમાં સમરસતાનું વાતાવરણ રહે એવા ભારત માટે પ્રધાનમંત્રી સાથે આગળ વધવા એક નિશ્ચિત ભૂમિકા સાથે આપણે પણ સહયોગી બનીએ.

વંદે માતરમ્... ભારત માતા કી જય... જય હિંદ...

**- દિનેશ કલ્યાણજી ગોસર**

# DONATE EYES - LIVE TWICE

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડું (પાંચ ધાન્યના)
ફીણીયા લાડું
નાચણી (રાગી) ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડું (કેલશિયમ–વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રુટ લાડું (ઘઉંના)
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શીયાળુ પાક)
કોકોનેટ બીસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદર ના ખારી સીંગ
સિકંદર ના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

સ્પેશીયલ અડદિયા પાક તૈયાર મળશે

*Contact*

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardam,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939
PRAVIN CHHEDA - 89857 59320
PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

**ઘરની બનાવેલ તલની ચિક્કી, સિંગદાણાની ચિક્કી, ફરસી પુરી, ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**નિના વિરા, બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૮૦**

# વડિલો–ચાલો શીખીએ ટેક્નોલોજી

એક સમય હતો જ્યારે આપણી જીંદગી બહુજ સરળ રીતે ગુજરતી હતી. આપણી જરૂરિયાતો ઓછી હતી. કંઈ ખરીદવું હોય તો ગલીના નાકે કીરાણાની દુકાન રહેતી, રોકડા આપી જરૂરતની ચીજો લાવી લેતા. ગામમાં કોઈ કોઈના ઘેરજ ફોન રહેતો અને બહારગામ કરવો હોય તો પોસ્ટ ઓફિસમાં ટ્રંક કોલ બુક કરાવી કલાકો રાહ જોવી પડતી. ક્યાંક જાવું કરવું હોય તો ઘોડાગાડી, હાથરિક્ષા કરી લેતા અને કામ ચાલતું.

છેલ્લા વીસ વર્ષમાં જમાનો બહુજ ઝડપથી બદલી ગયો છે અને હાલની નોટ બંદી પછી તો એમ લાગે છે કે તે વિજળીને ઝડપે બદલી જશે. હવે મોબાઈલ આવી જતા હજારો માઈલ દુર પણ ઘરેથી, હાલતા ચાલતા કે કોઈ પણ જગેથી તુરંત વાત થઈ શકે છે. શાકભાજી અનાજ, ફ્રુટ્સ, ફ્રીજ, વોશિંગ મશિન, કપડાલતા – કોઈ પણ ચીજ મંગાવવી હોય તો મોબાઈલ ઉપાડો ને મંગાવી શકો છો અને ઘર બેઠા આવી જાય છે. હોટેલમાં ગયા વગર પણ ઘરે હોટલનું ખાવાનું મંગાવી શકો છો. લાઈટનું બીલ, ફોનનું બીલ, ટેક્ષી મંગાવવી, રેલ્વે એર ટિકીટ બુક કરાવવી, કોઈને પૈસા આપવાના હોય તો પણ મોબાઈલના એપ્સ (APPS) થી તે પણ કરી શકો છો. ટી.વી. સમાચારથી જાણવા મુજબ, તિરૂપતી મંદિર, શીરડી સાઈબાબા, મુંબઈમાં સિધ્ધી વિનાયક તેમજ સોમનાથ મંદિરમાં દાન ક્રેડીટ/ડેબીટ કાર્ડથી લેવાનું શરૂ થઈ ગયેલ છે એટલુંજ નહીં મુંબઈમાં પાણીપુરી વાળા પણ એવી રીતેજ કાર્ડથી પૈસા લેતા થયેલ છે.

આજકાલ આપણા જેવા વડિલોમાંથી થોડા ઘણા એવા છે કે જેઓ મોબાઈલ વાપરે છે. તો થોડા એવા પણ છે કે જેઓ હજુ સુધી એનાથી દુર રહ્યા છે. પુછતાં કહે છે કે ‘મારા પલ્લે તે નથી પડતું’. લેડિઝમાં તો મોટા ભાગના હજુ મોબાઈલ વાપરતા જ નથી. વધારેમાં વધારે, ફોન આવે તો તે રીસીવ કરી શકે તેટલી સમજ રાખે છે.

નોટ બંધી આવતા અને આજની સરકારની નવી નીતિ મુજબ કોઈપણ શોપીંગ કે કોઈ પણ લેવડ દેવડમાં રોકડનો ઉપયોગ નહીંવત હશે તેમ જણાવવામાં આવે છે. તો આપણે શું કરવું ? આપણા રોજ બ રોજના કાર્યો માટે શું દિકરા–દિકરી કે પોતરા પોતરી કે અન્ય કોઈના ભરોસે રહેવું ?

**ના...**

આપણે સૌ વડિલોને જરૂરી છે કે, આપણી જરૂરિયાત જેટલું મોબાઈલનો ઉપયોગ કરતા શીખી લેવું જોઈએ. હાલમાંજ ન્યુઝ આવેલ છે કે અમુક સંસ્થાઓ મોબાઈલથી રૂપિયાનો વ્યવહાર કેવી રીતે કરી શકાય તે સમજાવશે – શિખવાડશે. આપણા મંડળના અનેક ભાઈ બહેનો છે જેઓ આ વિષયના જાણકાર છે અને આપણે ખુશીથી જાણકારી આપશે. જે કોઈ ભાઈ બહેનને આ બારામાં જાણવું શીખવું હોય તેમને પોતાના નામ તથા ફોન નંબર મંડળની ઓફિસમાં ફોનથી કે રૂબરૂમાં નોંધાવવા વિનંતી. પ્રોગ્રામ નક્કી થતા તમને જાણ કરવામાં આવશે.

**– રમેશ એમ. શાહ**

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

Pick up & Drop

# CHERIAN NATIONAL

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# VIDEO TO DVD

**Double your money in 6 months (White Money only)**

**Cell : 93476 49457, 73067 09298**

**93953 47264, 93924 18463**

(જા.ખ.)

# વોરા નૂખની પહેડી–વર્ષ ૨૫મું (સીલ્વર જુબીલી)

સવિનય જણાવવાનું કે વોરા નૂખના અંબઈમાને નમતાં સર્વે ભાવીકો સહ પરિવાર ત્થા નિયાણી બહેનો સજોડે માતાજી ની સમૂહ પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૮–૧–૨૦૧૭ ને રવિવાર સમય સવાર ૧૦.૦૦ વાગે**

**સ્થળ : કચ્છી ભવન, રામકોટ**

માતાજીનું સામૈયું સવારના ૧૦.૦૦ કલાકે ત્યારબાદ

માતાજીની પ્રસાદી ત્થા આરતી (ચિઠ્ઠી દ્વારા)

માતાજીના પાંચ બેઠા ગરબા

માતાજી નો પ્રસાદ...

**૧) શ્રી ફળ પ્રથા બંધ છે  ૨) કાળા વસ્ત્રો પહેરી આવવું નહી**

**લી. વોરા ભાવિક મંડળ**

**મહેન્દ્ર વોરા – ૯૨૪૬૧ ૮૫૬૩૧, નરેશ વોરા – ૯૩૯૧૨ ૨૩૩૭૫**

(જા.ખ.)

# રૂા. ૫૦૦ – ૧૦૦૦ ની નોટો રદ્દ – સીક્કાની બે બાજુ

તા. ૮ નવેમ્બરની રાત–ભારતમાં આવ્યો નાણકીય ભૂકંપ – કેન્દ્ર સરકારે રૂા. ૫૦૦ – ૧૦૦૦ ની નોટો રદ્દ કરીને, ભારત ભરમાં જાણે દુકાળના ઓળા ઉતરી આવ્યા, પળભર પહેલાના કરોડપતિઓ કફોડી હાલતમાં આવી ગયા. મધ્યમ વર્ગ અને ગરીબ પ્રજાની હાલત દયનીય થઈ ગઈ. દરેક કીસ્સામાં હોય છે તેમ આમાં પણ સીક્કાની બે બાજુ છે.

વડા પ્રધાનનું કહેવું છે કે આમ અચાનક નોટોનો રદ્દીકરણ કરવાથી કાળાનાણા પર નિયંત્રણ આવશે, નકલી નોટોવાળા પરેશાન થઈ જશે, આંતકવાદીઓને મળતી નાણાકીય મદદ બંધ થતાં આતંકવાદને ડામવામાં સફળતા મળશે, રાજકારણીઓ અને અમલશાહીમાં લાંચ રૂશ્વતમાં રૂકાવટ આવશે, બે નંબરી ધંધા ઓછા થશે, પ્રજામાં જાગૃતિ આવશે, દેશના અર્થતંત્રને નવી દિશા મળશે. ફાલતૂ ખર્ચાઓ ઓછા થશે, સામાજીક ધાર્મિક અનૂષ્ઠાનોમાં આડમ્બરો બંધ થઈ જશે, બીન જરૂરી ખરીદીઓ લોકો વિચારીને કરશે, યુવા પેઢીને રૂપિયાની કિમંત સમજાશે, બચત કરવાની આદત કેળવાશે. ફૂગાવો દૂર થતાં મોંઘવારી ઓછી થશે. મોદીજીના વિચારો ઉમદા છે ને આવકાર્ય છે. ઉપર મુજબની બાબતો ભવિષ્યમાં થવાની સંભાવના છે પણ વર્તમાનમાં થતી પારાવાર મુશ્કેતીઓનો શું ? આછે સીક્કાની બીજી બાજુ.

તા. ૯ નવેમ્બરના વહેલી સવારથી લોકો રસ્તા પર ઉતરી આવ્યા, બેન્કો અને એટીએમ સામે લાંબી લાંબી કતારો લાગી ગઈ, જે પોસ્ટ ઓફિસમાં દિવસમાં માંડ ૧૫–૨૦ જણાની આવ જાવ રહેતી ત્યાં ટોળાના ટોળાં જોવા મળે છે, કર્મચારીઓ પર અચાનક કામનો બોજ વધતાં બેળાકળા થઈ ગયા છે. આખા દેશની જનતા સફાળી જાગી ઉઠી છે, જુની નોટો ડિપોઝીટ કરાવીને નવી નોટો મેળવવા. શું નવી નોટો એમને સહેલાઈ થી મળી ? નારે ના, ચાર–પાંચ કલાક લાઈનમાં ઉભા રહ્યા ત્યારે માંડ બે હજાર–ચાર હજાર મળ્યા, ઘણાને બે હજારની નવી નોટ મળી તે જોઈને ખૂશ થયા પણ આ ખૂશી બેન્ક ની બહાર નીકળતા ઓસરી ગઈ કારણ કે બે હજાર ના છુટા કરાવવા દર દર ભટકવું પડ્યું, એ.ટી.એમમાં રૂપીયા ખૂટી પડ્યા, ઠેક ઠેકાણે ''નો કેશ''ના બોર્ડ લાગી ગયા. આખા દેશમાં હાહાકાર મચી ગયો છે, લગ્નમાં વગન આવ્યો, નાણાંના અભાવે પ્રસંગો એકદમ સાદાઈથી આટોપાઈ રહ્યા છે. અથવા બે ત્રણ મહીના પાછળ ઠેલાણાં છે, રજાઓમાં કરવા ગયેલા સહેલાણીઓ હીલસ્ટેશનો પર છુટા પૈસા નહીં હોતા ફસાઈ ગયા છે, સરકારના ફરમાન મુજબ હોસ્પીટાલો, પેટ્રોલપંપ, રેલ્વે, બસ સરકારી કચેરીઓ તથા મેડીકલ સ્ટોરમાં જુની નોટો માન્ય છે છતાં ઘણી હોસ્પીટાલો રકમ લેવા ઠાગાથઈયા કરે છે, હજુ સુધી ૫૦૦ની નવી નાટો ઓછી આવતાં આમ આદમીને મુશ્કેલી પડે છે, પહેલાજ મંદીનો દોર ચાલી રહ્યો છે, તેમાં આ નોટોની રામાયણથી ''દુકાળમાં અધિક માસ'' જેવા હાલ છે. દરેક ધંધા રોજગાર પર માઠી અસર થઈ છે, છુટક ત્યા જથ્થા બંધ બન્ને વેપારીઓની પરિસ્થિતિ ખરાબ થઈ ગઈ છે. શહેરોમાં આ હાલત છે તો ગામડાઓના હાલ કેવા હશે જ્યાં બેન્કો નહીંવત છે, લોકોના બેન્કોમાં ખાતા નથી, અભણ પ્રજાને શું કરવું તે સમજ નથી. આવા વિકટ સંજોગોમાં લુચ્ચા લોકો–ભોળા લોકોને જૂની રૂા. ૫૦૦ – ૧૦૦૦ ની નોટો બદલી ચારસો – આઠસો આપી એની મજબૂરીનો ફાયદો ઉઠાવી રહ્યા છે. માણસાઈ મરી પરવારી છે, સાંભળવા મળે છે કે વગદારોને ઘેરબેઠા નવી ચલણી નોટો પહોંચી જાય છે, બેન્કોમાં

|| Jai Mahaveer ||

***Seasons Greetings and Best wishes to all of you.***

*For all your water proofing needs such as seepage of water in toilets, bathrooms, window panes, terrace and side walls etc. please contact us.*

*With the help of our Nano Technology Products and expertise workers, we will help you in over coming your troubles with in short time.*

*We also do the painting and colouring assignments, with the pleasing colours of your choice to give a pleasant and new look to your flats, establishments and buildings. Try once and be satisfied. Please call on us.*

*Contact*

***Vardhaman D. Shah***

*C/o.* ***Naman Contruction Solutions***

***Phone : 9885341835***

*Always remember : A stitch in time saves nine.*

|| જય શાંતિનાથ ||

**હોમ સ્વીટ હોમ... ઓફિસ એટલે કુબેરના ભંડાર...**

**પણ આ બન્ને સ્થળે, પાણી લીકેજ થતું હોય અને તેની દિવાલો બદરંગ હોય કલરની પોપડીઓ નીકળીને તેનું સ્વરૂપ બદલી નાખતી હોય તો ?...**

**આ બન્ને સ્થાનને નવું સ્વરૂપ આપી તેને ફરી ખુબસુરત બનાવવા માટે અને આપણા જીવનને ખુશહાલ બનાવવા માટે અમારો સંપર્ક કરો.**

**દિવાલ, ઘર, ઓફિસ, ગોડાઉન, ટેરેસ, બાલ્કની વગેરેને લીકેજ પ્રૂફ કરી તમારા મનગમતા કલર કરી તેને સ્વરૂપવાન બનાવવા માટે અમારો સહકાર મેળવો.**

સંપર્ક : **વર્ધમાન દેવજી શાહ**

C/o. **Naman Contruction Solutions**

**Phone : 9885341835**

(જા.ખ.)

ભ્રષ્ટાચાર થાય છે, રોજબરોજ કરોડોની રોકડ જપ્ત થાય છે, બેનામી રકમો મળી રહી છે, વિરોધ પક્ષોના ઠેકઠેકાણે મોરચાઓ નીકળે છે, વિરોધના વંટોળ ફૂંકાય છે, દેશ આખો કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે. ૨૦–૨૫ ટકા કાળો નાણો બહાર પાડવાની લાયમાં ૭૫ ટકા આમ જનતા ઉપર મુસીબતોના પહાડ તૂટી પડ્યા. એક મહિનો થવા આવ્યો હજુ તો હાલ યથાવત છે, બધું ઠેકાણે પડતાં બે મહીના નીકળી જશે, આપણે તો ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ કે દેશની હાલત જલ્દી સુધરે

આટલો મોટો મહત્વનો ફેસલો કરતા પહેલાં પૂર્વ તૈયારી બહુજ જરૂરી હતી, બાકી તો કહેવત છે ને કે

**''સત્તા આગળ શાણપણ નકામું છે''**

**– મહેન્દ્ર વોરા (અજ્ઞાની)**




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

**You are beautiful....we just compliment it!**

abha
be gorgeous
BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by Bhavini Patel

Now at New & Spacious Space

- Bridal Mehendi
- Body Spa
- Ultrasonic Treatment
- Bridal HD Make-up
- Hair Spa & Treatment
- Foot & Hand Spa
- Bridal Packages
- Stone Theorpy

Designer Mehendi & Grooming Classes

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

# હરપલ મિઠાસ...

## હોમ મેડ મિઠાઈ

- ✿ મિની સાટા
- ✿ ગોળ પાપડી
- ✿ મોહનથાર
- ✿ ખજુર પાક
- ✿ ફીણીયા લાડુ
- ✿ ઓટ્સ ડ્રાયફ્રૂટ લાડુ
- ✿ ગોળયા લાડુ

### ✿ વિન્ટર સ્પેશિયલ ✿

- ❊ અડદિયાપાક
- ❊ ગુન્દર પાક
- ❊ ડિંક લાડુ

# RUPAL SAVLA

Arihant Basera, Flat No. 102,
Kachiguda, Hyderabad

## Ph : 81064 59594

(સૌ.જ.)

# સ્વસ્થ રહેવા માટે સંબંધોમાં મીઠાશ જરૂરી !

એક ડૉક્ટર ને એક વાર સહજ પૂછેલુ – ''આજ કાલ ડાયાબીટીસનો રોગ કેમ આટલો બધો વ્યાપક બન્યો છે ?'' ''જીભની મીઠાશ (જે વાણીમાં ઉતરવાને બદલે) આજે લોહીમાં ઉતરી ગઈ છે તેથી ડાયાબીટીસ વ્યાપક બન્યો છે. ''ડૉક્ટરનાં જવાબમાં રમૂજ સાથે વ્યંગ હતો. આ કાળનાં પ્રભાવે આજે શેરડીનાં રસની મીઠાશ ઘટી, આંબાનું માધુર્ય ઘટયું કે પાણીની મીઠાશ ઘટી તેમાં બહુજ નુકશાન નથી પણ, વાણીની મીઠાશ ઘટી તેમાં આ મોટુ નુકશાન થાય છે.

મનની અસર શરીર પર પડે છે એ વાત તો સંશોધકોનાં ધ્યાનમાં ઘણા સમયથી આવી હતી પણ આ અસર કઈ રીતે પડે છે એ સમજાયું ન હતું. હવે સંશોધકો કહે છે કે જે વ્યક્તિની જીભમાં મીઠાશ અને (અંગત) સંબંધોમાં સુખ હોય, જેનું મન હમેશા પ્રફુલ્લીત રહેતું હોય તે વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થતો હોય છે.

મધુર વચન એક વશીકરણનો મંત્ર છે. કડવો શબ્દ ઈલેટ્રિક શોક આપી ને સામાને દૂર ફેંકે છે, જ્યારે મધુર વચન તો ચુંબકીય પરિબળ છે જે બીજાને આકર્ષે છે. વાણીની મીઠાશને આપણી સંસ્કૃતીએ કુટુંબશાંતી અને સમાજ વ્યવસ્થા માટે ઘણુ મોટુ મહત્વ આપ્યું છે. આના સંદર્ભમાં આ પંક્તિઓ લોકજીભે સાંભળવા મળે છે.

૧) કાણાને કાણો કહીએ, કડવા  લાગે વેણ, ધીમે રહીને પૂછીએ, શાને ગુમાવ્યા નેણ ?

૨) કાણી ભાભી ! પાણી લાવ, કૂતરાને આપીશ તને નહીં, રાણી ભાભી ! પાણી લાવ, પાણી નહિ, શરબત લે!

જેનાથી સામાનું દિલ દુભાય એવી વાણી બોલવાની આપણા મહર્ષિઓ મના કરે છે.

આપણી વાણીની અસર આપણા સંબંધો પર પડે છે અને સંબંધોની સૌથી વધુ અસર આપણા સ્વાસ્થ્ય ઉપર પડે છે. અર્થાત આપણા કુટુંબીજનો, આપણા જીવનસાથી, આપણા બાળકો, આપણી ઑફિસના સહકાર્યકરો – આ બધા સાથેનાં આપણા સંબંધો કેવા છે એના પર આપણા સ્વાસ્થ્યનો ઘણો આધાર છે.

૧) પરિવાર છે તો સંબંધો છે અને આ સંબંધોની મીઠાશને અકબંધ રાખવા માટે ક્યારેક આપણને નમવું પડે તો પણ કંઈ વંધો નથી, કારણ કે સંબંધ બગાડીને આપણે ચિંતીત રહેશું, સામાની સારી વાતો પણ ખરાબ લાગવા માંડશે અને પછી આપણા સ્વાસ્થ્ય પર એની ખરાબ અસર થશે, આનાથી બચવું જરૂરી છે.

૨) આપણા સંબંધો દિવસે–દિવસે ભાવના શૂન્ય બનતા જાય છે. એને અટકાવવા આપણા પરિવારનાં સદસ્યોને પ્રેમ, લાગણી  ઉદારતા, પોત્તાપણુ અને સહનશિલતાથી એક સૂત્રમાં બાંધવાથી તથા અડોસ–પડોસમાં પણ શાંતી અને મિત્રાચારી રાખવાથી કોઈ પણ રોગ આપણી પાસે ભટકશે નહીં.

૩) આજની પરિસ્થિતી પ્રમાણે હવે સંયુક્ત કુટુંબો તો નહીં બનાવી શકીએ પણ આપણા કુટુંબીઓ સાથે અવાર–નવાર મેલ–મિલાપ, વસ્તુઓનું આદાન–પ્રદાન, દુઃખમાં સહાયતા, સુખમાં ખુશીઓ વહેંચીને, પોતે પોતાને થોડી રાહત તો આપી શકીએ.

૪) આપણે આપણા માતા–પિતા તથા અન્ય વૃધ્ધોથી  અલગ રહીને પણ એમને એટલું માન–સમ્માન આપીએ જેથી આપણા બાળકો આપણી વૃધ્ધાવસ્થા વટાવવાનું શિખી જાય અને ઘરમાં હંમેશા શાંતી અને આનંદ નું વાતાવરણ રહે.

**– હીરાવંતી કમલકાન્ત દેઢિયા**

**Admissions Open**

# From January onwards

Play School

Nursery

SHiSHU KUNJ
The Play School

## Is Shifting from

3-4-376/6, Basant Colony,
Kachiguda, Hyderabad - 500 027.

to

## New Address

H.No.3 -4-10/2, Lane opp to Shalini Hospital.
Bhommana Lane, Lingampally
Hyderabad - 500 027

For further details call

**Vaisshali A. Kapadia**
94412 55331

**Rupalee Trivedi**
97040 67008

(જા.ખ.)



# પ્રાકૃતિક ચિકિત્સા કે પ્રાકૃતિક જીવન

પ્રાકૃતિક જીવન (નિસર્ગોપાસના) અને પ્રાકૃતિક ચિકિત્સા (નિસર્ગોપચાર) એ બન્નેને ઘણા લોકો એક જ માની લે છે, પરંતુ વાસ્તવમાં એ બન્ને ભિન્ન છે. આ બે વચ્ચેના સ્થૂળ અને સૂક્ષ્મ ભેદો સમજવા આવશ્યક છે.

નિસર્ગોપાસનાના પ્રણેતા તરીકે આપણે જર્મનીના ડૉ. એડોલ્ફ જસ્ટ અને તેમના અનુયાયીઓને લેખી શકીએ. ડૉ. જસ્ટનું પુસ્તક 'રિટર્ન ટુ નેચર' પ્રાકૃતિક જીવનના હિમાયતીઓની ભગવદ્‌ગીતા છે. તેમની વિચારસરણી નીચે મુજબ છે.

''સૃષ્ટિનાં બધાં પ્રાણીઓનું અવલોકન કરો; તેમનો નિત્યક્રમ તપાસો; તેમની જીવનચર્યાનો અભ્યાસ કરો. બધાં જ પ્રાણીઓની જીવનચર્યામાં એક વસ્તુ સમાન રીતે દૃષ્ટિગોચર થાય છે. **તેઓ કુદરતને અનુસરે છે અને સ્વાસ્થ્ય ભોગવે છે.** કુદરતને અનુસરવાથી કુદરતે તેમને ઉદાર હાથે સ્વાસ્થ્ય બક્ષ્યું છે. કુદરતની આ મહામૂલી બક્ષિસનો જો કોઈએ લાભ ઉઠાવ્યો ન હોય તો તે એકમાત્ર માનવી છે — જગતમાંની સમગ્ર પ્રાણીસૃષ્ટિનો સિરતાજ ! એનું કારણ એ નથી કે માનવી કુદરતનું અળખામણું બાળક છે. માનવી તો ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. આ કારણે તેની પાસે સંપૂર્ણ, સહજ આરોગ્ય હોવું ઘટે. છતાંય, હકીકત એ છે કે માનવી અગણિત રોગોથી પીડાઈ રહ્યો છે. અફસોસ સાથે કહેવું પડે કે આ પરિસ્થિતિ માટે તે પોતે જ જવાબદાર છે. બીજાં પ્રાણીઓ કુદરતને અનુસરે છે, જ્યારે મનુષ્ય તેને મળેલી બુદ્ધિનો દુરૂપયોગ કરી કુદરતના નિયમોનું સતત ઉલ્લંઘન કરતો રહે છે અને રોગરૂપી આફત વહોરી લે છે''.

પ્રાકૃતિક જીવનના સમર્થકો માનવીને કુદરતમય જીવન વ્યતીત કરવાનો અનુરોધ કરે છે. તેમના મત મુજબ બધાં જ અનિષ્ટોનું મૂળ એક જ છે અને તે છે આધુનિક સંસ્કૃતિ. આ સમસ્યાના નિવારણનો એકમાત્ર ઉપાય છે — કુદરત તરફ પુનઃપ્રયાણ. અગ્નિથી માંડી દૂરદર્શન–રેડિયો સુધીની 'સંસ્કૃતિનિર્મિત' શોધોનો ત્યાગ કરો, ફળાહાર કરો, ખુલ્લામાં રહો, સરળ જીવન જીવો એવી સલાહ નિસર્ગોપાસકો આપે છે.

આ વિચારસરણીનો યુરોપમાં મોટે પાયે પ્રચાર–પ્રસાર થયો. જર્મનીમાં તો પ્રાકૃતિક જીવનના ઉપાસકોએ મોટાંમોટાં સ્વાસ્થ્યગૃહો અથવા આશ્રમો સ્થાપ્યા. આ આશ્રમોમાં દરેક ઉંમરના સ્ત્રી પુરૂષો સ્વાશ્રયી જીવન જીવતાં, ફળાહાર કરતાં, જમીન ઉપર સૂતાં, પંચ મહાભૂતો સાથે સંસર્ગ રાખતાં.

હવે આપણે પ્રાકૃતિક ચિકિત્સાના હિમાયતીઓની વિચારસરણી જોઈએ.

પ્રાકૃતિક જીવનના અનુયાયીઓ જ્યાં કુદરત તરફ પાછા ફરવામાં માને છે ત્યાં પ્રાકૃતિક ચિકિત્સાના અનુયાયીઓ કુદરતથી આગળ વધવામાં માને છે. પ્રાકૃતિક જીવનના ઉપાસકો માત્ર પ્રકૃતિની પૂજા કરીનેજ અટકી જાય છે; જ્યારે પ્રાકૃતિક ચિકિત્સાના સમર્થકો પ્રકૃતિ અને સંસ્કૃતિ, કુદરત અને કલા, ભૂત અને ભવિષ્ય જેવાં પરસ્પર વિરોધી છતાંય એકમેકના પૂરક તત્ત્વોનો સમન્વય કરવા મથે છે. સંસ્કૃતિની આજ સુધીની પ્રગતિને તેઓ નિરૂપયોગી માનતા નથી, છતાંય સંસ્કૃતિના વિઘાતક, દૂષિત, વિનાશક તત્ત્વોના ત્યાગની તેઓ ભલામણ કરે છે.

આમ પ્રાકૃતિક ચિકિત્સા પ્રેમીઓ કુદરતનું મહત્ત્વ સ્વીકારે છે, પણ તેઓ કુદરતના રોગનિવારક પ્રયત્નોને ટેકો આપવા તથા આરોગ્યના સુધારાને ઝડપી બનાવવા જલોપચાર, ઉપવાસ, માટીના પ્રયોગો, યોગ્ય ખાનપાન તેમજ લોહચુંબક–ચિકિત્સા, એક્યુપ્રેશર વગેરે બાહ્યોપચાર અપનાવતાં અચકાતા નથી.

પ્રાકૃતિક ચિકિત્સાના નિષ્ણાતો રોગનિદાનને અનાવશ્યક માનતા નથી. સારવારની શરૂઆત કરતાં

મુંબઈનું પ્રખ્યાત નમકીન, ચીક્કી, ખાખરા હવે હૈદરાબાદમાં

# સમ્રાટ સ્વાદ

નવા વર્ષની
આપ સૌ માનવંતા
ગ્રાહકોને દીલથી
હાર્દિક શુભકામના

ખાખરા (KHAKHRA)
ચીક્કી (CHIKKI)
ચીવડા (CHIWDA)
સેવ/ગાઠીયા (SEV/GATHIYA)
બટર ચકરી (BUTTER CHAKRI)

ફ્રી
હોમ ડીલીવરી
બડીચૌડી થી
2 km સુધી

સોયા વેફર (સ્ટ્રીપસ) (SOYA WAFER)
કેલા વેફર (BANANA WAFER)
બટેરા વેફર (POTATO WAFER)
સોયા કપસ અને સ્ટીક્સ (SOYA CUPS & STICKS)
ચીસ બોલ્સ (CHEESE BALLS)

તથા અન્ય ઘણી સ્વાદીષ્ટ વેરાયટી

કીટ્ટી પાર્ટી, બર્થડે પાર્ટી, ગેટ-ટૂ-ગેધર માટે અમે ઓર્ડરથી ઢોકલા, સેંડવીચ ઢોકલા, ખાંડવી, પુરણપોળી, જોવારી રોટની બનાવી આપીશું

For Free Home Delivery or Shop at your home
what's app or call : **09503565400** (Nitin K. Dand)

**SAMRAT**
SWAAD

(જા.ખ.)

104, 1st Floor, Shyam Enclave, Opp. Canara Bank Badi Chowdi, Hyderabad. (T.S.)

પહેલાં તેઓ રોગનો પ્રકાર, તેનાં કારણો તથા અન્ય માહિતી મેળવવા જરૂરી ચકાસણીઓ અને પરીક્ષણો કરે છે. આ પ્રકારે સારવાર તર્કસંગત બને છે. સારવાર દરમિયાન થોડા થોડા દિવસોના અંતરે તેઓ સુધારા અને પ્રગતિનું સર્વેક્ષણ કરે છે. નિસર્ગોપચારની રીતે સામાન્ય રોગોની સારવાર સરળ હોય છે; જ્યારે રોગ જટિલ હોય તો સારવારમાં પણ વિવિધતા જરૂરી બની શકે. કોઈ દાખલામાં જો કુદરતી ઉપચારની સીમા દેખાય તો તેઓ દરદીને અન્ય ચિકિત્સા લેવાની સલાહ આપતાં અચકાતા નથી.

આ પ્રકરણનો નિષ્કર્ષ એ છે કે સંપૂર્ણ પ્રાકૃતિક જીવન એક આદર્શ હોવા છતાં, વર્તમાન યુગ માટે તે વ્યવહારુ નથી. આજનો ઉદ્યોગપ્રધાન સમાજ જુનવાણી જીવનપદ્ધતિનો સ્વીકાર કરે એવી આશા રાખવી અનુચિત છે. પૂર્ણ પ્રાકૃતિક જીવન ન અપનાવવાથી લોકોને નાની મોટી બીમારીઓ થવાની. તેવા સમયે ખાનપાનના ફેરફારો, વ્યાયામ, માટી, પાણી ઈત્યાદિ પ્રાકૃતિક ચિકિત્સાના વિવિધ પ્રયોગો અપનાવવાથી તેમને સ્વાસ્થ્ય પાછું મળશે. આ ચિકિત્સાપદ્ધતિ અન્ય ચિકિત્સાપદ્ધતિઓ કરતાં વધુ સરળ, અચૂક અને નિર્દોષ છે.

આ પદ્ધતિને સારી રીતે સમજીને અપનાવવાથી વ્યક્તિ જાતે જ પોતાનું સ્વાસ્થ્ય જાળવી શકે છે. આ ઉપચાર પદ્ધતિથી સામાન્ય રોગોનો ઉપચાર પણ જાતે જ કરી શકે છે. આપણે જો આપણા સ્વાસ્થ્ય વિશે સચેત રહીશું તો આરોગ્યની નાડ આપણા હાથમાં રાખી શકીશું, પછી નાની નાની તકલીફો માટે ડૉક્ટરો પાસે દોડી જવાની જરૂર રહેશે નહિ.

સાભાર : પુસ્તક–પ્રાકૃતિક ચિકિત્સા–લેખક–

**ડૉ. ધ.રા.ગાલા, ડૉ. ધીરેન ગાલા, ડૉ. સંજય ગાલા**




# R.S. BANDHANI HOUSE

***કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં***

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩–૨–૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09
(જા.ખ.)

# વિટામીન બી-૧૨

## શરીર માટે ખૂબ જરૂરી વિટામીન બી - ૧૨ની ઓછપથી શરીરને થતું નુકસાન - એની કમી દૂર કરવા શું કરવું ?

પાંત્રીસ વર્ષની એક સ્ત્રી બે સંતાનોની માતા છે. ખાવાની શોખીન છે. પણ હમણાં હમણાં શરીરને શું થઈ રહ્યું છે એની એને સમજણ નથી પડતી. એ વધુ સમય સુધી ઉભી રહી શક્તી નથી. ઉભા ઉભા ખૂબજ થાક લાગે છે. મન ઉદાસ રહે છે, કોઈ રૂચિ થતી નથી. મન ઉદાસી તરફ ધકેલાતું જાય છે. અગાઉ જેવી નોર્મલ લાઈફ એ જીવવા માંગે છે પણ જીવી શક્તી નથી. પતિ એને ડોક્ટર પાસે લઈ જાય છે. ડોક્ટરે કેટલાક ટેસ્ટની સાથે વિટામીન બી-૧૨ નું શરીરમાં પ્રમાણ કેટલું છે એ ટેસ્ટ કરાવે છે. ડોક્ટરની ધારણા પ્રમાણે રિપોર્ટમાં વિટામીન બી-૧૨ ની શરીરમાં કમી દર્શાવે છે. ડોક્ટરે એને ઓરલ સપ્લીમેન્ટનો કોર્સ કરાવ્યો જેનાથી ધીરે ધીરે સુધારો થવા લાગ્યો. એ કોર્સના કારણે એ પહેલા જેવું નોર્મલ જીવન જીવવા લાગી.

નિષ્ણાંત ડોક્ટરના કહેવા મૂજબ વિટામીન બી-૧૨ની કમીથી ઘણી બિમારીઓ થઈ શકે છે. એનિમિયા જેવા રોગ થઈ શકે છે. સ્પાઈનલ કોડની પણ તાકલીફ થઈ શકે છે. છેવટે પેરાલીસીસ (લકવા) પણ થઈ શકે. મગજમાં પણ અસર પહોંચે.

વિટામીન બી-૧૨ની કમીના કારણોમાં જેઓ દૂધ અથવા દૂધમાંથી બનતી છાસ - દહીં - ઘી જેવી વાનગીઓ લેતા નથી અથવા ઓછી લે છે એને થાય છે. રોટલી વગેરે ઘી ચોપડેલા જ ખાવા જોઈએ. આલ્કોહોલ લેનારાને પણ થાય છે. એનિમિયા પેટના દર્દથી પીડિત વ્યક્તિઓને થવાની વધુ શક્યતા રહે છે.

શાક-ભાજી-ફળ વગેરે વિટામીન બી-૧૨ નથી બનાવતા જેથી દરેક જણે દૂધ, દહીં, છાસ, પનીર, માખણ, ચીઝ અથવા સોયા મિલ્કનો વપરાશ નિયમિત કરવો જોઈએ. શરીરમાં લોહીની વધુ પડતી ઓછપ હોય તો પણ બી-૧૨ ઘટે છે. ડાયાબિટીસ માટેની દવા મેટફોમિન અને અલસર માટેની દવા એમેપ્રોજોસ લેવાથી તેમજ ઘરમાં આજકાલ આર.ઓ. પ્લાન્ટનું પાણીનો વધતો વપરાશથી પણ બી-૧૨ની કમીની તકલીફ થાય છે.

વિટામીન બી-૧૨ આપણાં શરીર માટે ખૂબ જરૂરી છે. આપણા શરીરનું ડી.એન.એ, જીન્સ વગેરે એનાથી જ બને છે. એ લોહીને લાલ બનાવે છે અને શરીરના દરેક ભાગને પ્રોટીન આપવાનું કામ કરે છે. પુરૂષોમાં એ ઈન્ફર્ટિલિટી પણ પેદા કરે છે. આ એક એવો પદાર્થ છે જે શરીરમાં મગજને સમતોલપણે કામ કરાવે છે. એની કમીનું કારણ કૌટુંબિક વંશ પરંપરાગત પણ હોઈ શકે છે. જમીનમાં ઉગતી શાકભાજી, બટાટા, ગાજર, મૂળા, બીટરૂટ, શક્કરિયા વગેરેમાં વિટામીન બી-૧૨ થોડા પ્રમાણાં મળી શકે છે.

શ્રી કચ્છી મિત્ર મંડળ હેલ્થ કેર કેમ્પના પરીક્ષણો દરમ્યાન લેબના ટેકનીશીયનોએ વિટામીન ડી-૩ની જેમ વિટામીન બી-૧૨ ની કમી સમાજમાં વધારે પ્રમાણમાં તારણ આવતાં તેમણે ધ્યાન દોર્યું છે. જેથી દરેકને વિનંતિ છે કે આ રિપોર્ટ પોતાના ડોક્ટરને બતાડીને એમની સલાહ મૂજબ ઉપરોક્ત કમીઓ દૂર કરવી જરૂરી છે. સામાન્ય સારવારથી આવનારી મહા બિમારીઓને દૂર ધકેલી શકાતું હોય તો આ બાબતને ગંભીરપણે લેવું જોઈએ.

**-દિનેશ કલ્યાણજી ગોસર**


We create new smiles.....
MAHAVIR
DENTAL CARE
MULTI SPECIALITY DENTAL AND IMPLANT CENTRE
Dr. Sambhav Vora, MDS
Oral & Maxillofacial Surgeon
Special discount for KMM members Discount rates available at KMM office
Timings : 10am to 2pm & 4.30 to 8pm (Kachiguda)
10am to 1pm & 3 pm to 8.30pm (Secunderabad)
MAHAVIR
DENTAL CARE
DENTAL IMPLANTS
ORTHODONCIT TREATMENT
DENTAL SURGERY
TOOTH WHITENING
COSMETIC DENTISTRY
COSMETIC SURGERY
GUMS REHABILITATION
BREATH FRESHENING
TEETH CONSERVATION
SMILE ENHANCEMENT
PEDIATRIC DENTISTRY
D.V. House, Block No. 1,
D.V.Colony,
Near KIMS Hospital,
Secunderabad 500003.
Branch : 3-2-843/2/A,
Kachiguda Station Road,
Above Bank of Maharashtra,
Hyderabad - 500 027
Phone : 9246590203, E-mail : sambhav.vora@gmail.com

# આપણો પોતાની સાથે પણ એક સંબંધ હોય છે

**ઈસ તરહ ટૂટ કે રહ જાતે હૈં સારે બંધન, જૈસે આપસ મેં કિસી કા કોઈ રિશ્તા હી નહીં.**
**ઈસસે બઢકર તેરા દુનિયા મેં શનાસા હી નહીં, તૂને આઈના કભી ગૌર સે દેખા હી નહીં.**

જીવન સંબંધોનું બનેલું છે. દરેક માણસ એક જિંદગીમાં કેટલા બધા સંબંધ જીવતો હોય છે? આપણી નજીકના લોકોને રાજી રાખવા આપણે કેટલા બધા પ્રયાસો કરતાં હોઈએ છીએ? આપણી જાત ઘસીને પણ આપણે આપણા લોકોને ખુશ રાખતા હોઈએ છીએ. મારા પ્રેમીને આવું ગમે છે, મારા પતિને આ ભાવે છે, મારી બહેન માટે આવું કરીશ તો એ ખુશ થઈ જશે, મારા ભાઈ માટે આ લેવું છે, મારા દોસ્તને મારે સરપ્રાઈઝ આપવી છે, મારા કલીગને મારે મદદ કરવી છે! મૂરખ બનીએ એ હદ સુધી આપણે બીજા માટે કંઈક કરતા રહીએ છીએ. ઘણી વખત તો આપણને ખબર હોય છે કે આપણે ગમે તે કરીશું તોપણ એને કોઈ ફેર પડવાનો નથી છતાં આપણે જે કરવું હોય એ કરીએ છીએ. દરેક માણસને પોતાના સંબંધની કદર હોય છે.

આપણે બધા સાથેના સંબંધો જાળવીએ છીએ, પણ આપણે આપણી જાત સાથેના સંબંધમાં કેટલા વફાદાર હોઈએ છીએ? આપણો આપણી પોતાની સાથે પણ એક સંબંધ હોય છે. તમે આ સંબંધ નિભાવો છો? નિભાવો છો તો કેવી રીતે નિભાવો છો? ભગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે માણસ પોતે જ પોતાનો મિત્ર છે અને માણસ પોતે જ પોતાનો દુશ્મન છે. તમે તમારા મિત્ર છો કે દુશ્મન? તમે ક્યારેય વિચાર કર્યો છે કે હું મારી જાત સાથે કેવો સંબંધ રાખું છું ?

એક છોકરી હતી. એ ખૂબ સુંદર હતી. કુદરતે તેને અનુપમ સુંદરતા આપી હતી. એ કોઈ દિવસ બ્યુટીપાર્લર ન જતી. પાર્લરમાં જવાની એને ક્યારેય જરૂર જ નહોતી લાગતી. એક વખત તેની એક ફ્રેન્ડ એને ધરાર પાર્લરમાં લઈ ગઈ. પાર્લરની બ્યુટિશિયને તેની સુંદરતાનાં વખાણ કર્યાં. સાથોસાથ એને પૂછ્યું કે તું કેમ કોઈ દિવસ પાર્લર આવતી નથી? પેલી છોકરીએ કહ્યું કે મને જરૂર જ લાગતી નથી. બ્યુટિશિયને કહ્યું કે તારી વાત સાચી છે. તને જરૂર નથી, છતાં પણ તારે આવવું જોઈએ. તેણે કહ્યું કે, પેમ્પર યોરસેલ્ફ! તારી જાતને થોડાક લાડ લડાવ. એમાં કશું ખોટું નથી. સુંદર હોવું સારૂં છે, પણ તેનાથી પણ વધુ જરૂરી એ છે કે સુંદરતાનો અહેસાસ હોવો. દરેક વ્યક્તિને હોય તેના કરતાં થોડાક વધુ સુંદર દેખાવાનો તેને અધિકાર છે! તમે તમારી જાતને પેમ્પર કરો છો ? પેમ્પર કરવું એટલે માત્ર બ્યુટીપાર્લર જવું એવો મતલબ નથી. પેમ્પર કરવું એટલે કંઈક એવું કરવું જે પોતાને ગમતું હોય, માત્ર ને માત્ર પોતાના માટે કરતા હોય, પોતાની જાતને લાડકી કરતા હોય અને સરવાળે પોતાને જ પ્રેમ કરતા હોય! નાર્સિસ હોવું એ એકસ્ટ્રીમ છે, પણ જાતને વાજબી રીતે પ્રેમ કરવો વાસ્તવિકતા છે !

ઘણા લોકો એવા પણ હોય છે જે આખી દુનિયા માટે ખર્ચ કરે છે, પણ પોતાના માટે લોભ કરે છે! કોઈને કંઈ અપાવવા માટે એ જરાયે વિચાર કરતા નથી, પણ પોતાના માટે હંમેશાં કંજૂસાઈ કરે છે. તમે દુનિયા માટે ઉદાર હોવ છો પણ તમારી જાત સાથે તો કંજૂસ જ હોવ છો ! એડોલ્ફ હિટલરે કહ્યું છે કે, તમારા મૃત્યુ વખતે જેટલું બેન્ક બેલેન્સ હોય એ એવું બતાવે છે કે તમે એ બેલેન્સ છે એટલું કામ વધારે કર્યું છે, જેની જરૂર ન હતી ! અલબત્ત, બધું ઉડાડી દેવાની જરૂર નથી પણ પોતાના માટે પણ કંઈક કરવું જોઈએ. આપણે એ કરાતં હોતા નથી. આખી દુનિયા સમક્ષ આપણે સારા થઈએ છીએ પણ આપણી જાત સાથે આપણે ઘણી વખત સારા થતાં હોતા નથી. માત્ર ખર્ચ કરવાથી પણ સારૂં નથી થઈ જવાનું, મોટાભાગે તો પોતાનો આનંદ એવો હોય છે જેની પાછળ કોઈ ખર્ચ થતો નથી !

તમે બે મિનિટ એ વિચારો કે તમને શું ગમે છે ? એ પછી એવું વિચારો કે છેલ્લે તમે ક્યારે એ કર્યું હતું ? બાળક દરિયાના પટમાં રેતીનું ઘર બનાવતાં હોય છે, એ ઘર કાયમી હોતું નથી પણ એ ઘર બનાવવામાં એને મજા આવતી હોય છે. જિંદગીમાં કારણ વગરની મજાનું બહુ મોટું મહત્ત્વ હોય છે. આપણે બધામાં કારણ શોધતા ફરીએ છીએ અને એમાં આપણે આપણને જ ઘણી વખત ભૂલી જઈએ છીએ! તમારે જે કરવું હોય છે એ કરતાં તમને કાઈ રોકતું હોતું નથી, આપણે જ આપણી જાતને રોકતા હોઈએ છીએ. મનને આપણે રેઢું મૂકી જ સકતા નથી. આપણાં જ મનને આપણે ગૂંગળાઈ જઈએ એ હદે પકડી રાખીએ છીએ. માત્ર મજા આવે એટલા ખાતર જ તમે શું કરો છો? કંઈ ન કરતા હોવ તો કરો અને તેને હન્ડ્રેડ પર્સન્ટ ફીલ કરો ! ટ્રેનમાં જતાં હોવ ત્યારે તમને બારીમાંથી પસાર થતાં દૃશ્યો જોવાં ગમે છે કે પછી ટ્રેનમાં લાંબા થઈને વાંચવું ગમે છે ? ઈયર ફોન કાનમાં નાખીને ગીત કે ગઝલ સાંભળવાની મજા આવે છે કે પછી ટેબલેટમાં સર્ફ કરવાની ? દરિયામાં નહાવું ગમે છે કે ભીની રેત પર પગલાં પાડવાં? રાતના અંધારામાં ખુલ્લામાં જઈને બેસવું ગમે છે કે પછી સવારનો ઊગતો સૂરજ જોવાની મજા આવે છે ? મેઘધનુષ જોઈને તમે ઊભા રહીને એ જુઓ છો કે કયો રંગ કેવી રીતે બીજા સાથે મિક્સ થાય છે ? પતંગિયાની પાંખમાં તમને રંગોળી દેખાય છે ? હસતાં બાળકને જોઈએ તમારા દિલમાં ટાઢક જેવું કંઈ થાય છે ? પંખીઓનો કલરવ સાંભળીને તમને કુદરતના અનુપમ ઓર્કેસ્ટ્રાનો અહેસાસ થાય છે ? વહેતા ઝરણામાં પગ બોળીને થોડી વાર બેસી રહેવાનું મન નથી થતું ? દરેકને કંઈક તો ગમતું જ હોય છે. તમને પણ કંઈક ગમતું હશે. તમને ગમે છે એ તમે કેમ નથી કરતા ?

આપણે આપણી સાથે હોઈએ ત્યારે જ આપણી સંવેદનાઓ સોએ સો ટકા સક્રિય હોય છે. પોતાની અનુભૂતિ થાય એવી પળો જિંદગીમાં બહુ ઓછી આવતી હોય છે. તમને છેલ્લે ક્યારે તમારી અનુભૂતિ થઈ હતી ? તમે તમારી જાતને ક્યારે મહેસૂસ કરી હતી? એક યુવાન હતો. એ નેવીમાં ઓફિસર હતો. એક દિવસ એ એક હોસ્પિટલમાં ગયો. હોસ્પિટલમાં પ્રવેશ કર્યો કે તરત જ એક નર્સ દોડીને આવી. નર્સે યુવાનને કહ્યું કે જલદી ચાલો, તમારા ફાધર ડેથબેડ પર છે, કદાચ એ તમારી જ રાહ જુએ છે. નર્સ તેને બેડ પાસે લઈ ગઈ. પેશન્ટની આંખો ખૂલતી ન હતી. નર્સે કહ્યું કે, જુઓ તમારો સન આવી ગયો. પથારી પર પડેલા એ માણસનો હાથ સળવળ્યો. દીકરાએ એ હાથ પકડી લીધો. આંગળામાં આંગળા પરોવીને ક્યાંય સુધી એ બેઠો રહ્યો. પિતાના હાથમાં ગજબની હળવાશ હતી. એક સંતોષ એ સ્પર્શમાં હતો. ધીરે ધીરે હાથ ઢીલો થઈ ગયો. નર્સે આવીને કહ્યું કે, હવે એ નથી ! હળવેથી હાથ છોડાવ્યો. નર્સે કહ્યુ કે, સારૂં થયું તમે આવી ગયા. મારો મેસેજ તો તમને મળી ગયો હતોને?

ભીની થઈ ગયેલી આંખો લૂછીને પેલા યુવાને કહ્યું કે, ના. મને કોઈ મેસેજ નથી મળ્યો. હું તો એ માણસનો દીકરો પણ નથી ! છતાં હું આ પળ જીવ્યો છું. એક કમી લાગતી હતી એ પૂરી થઈ. મારા પિતા જ્યારે અવસાન પામ્યા ત્યારે હું નેવીની ફરજ પર હતો. આવ્યો ત્યાં સુધીમાં તો પિતાની અંતિમવિધિ પણ પતી ગઈ હતી. એક અફસોસ રહી ગયો હતો કે હું પિતાની અંતિમપળ વખતે હાજર ન હતો. આજે જાણે એ અફસોસથી હું મુક્ત થઈ ગયો! આ સમય મારી જિંદગીનો ઉત્તમ સમય હતો. થેંક્યું સિસ્ટર, મને મારી સાથે જ મળાવવા માટે! જિંદગી આખી દુનિયા માટે છે પણ સૌથી પહેલાં તો તમારા માટે છે. બધાં માટે બધું કરો પણ તમારી પોતાની જાતને અન્યાય ન થઈ જાય એની પણ તકેદારી રાખો. તમે તમારી જાત સાથેનો સંબંધ બરાબર નિભાવો છોને?

**જે મામસ પોતાને પ્રેમ કરતો હોતો નથી એ જ્યારે બીજાને પ્રેમ કરે છે ત્યારે મોટા ભાગે ઢોંગ કરતો હોય છે.**

**– પંકજ વલ્લભજી સાવલા**



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

| | | |
|---|---|---|
| | 1 | 7 |
| | x | 4 |
| | 6 | 8 |
| + | 2 | 5 |
| | 9 | 3 |

The persons who have given correct answers are-

- Aryan Gala
- Ashray Samir Shah
- Bindu Nagda
- Bhoomika Sawla
- Bharati K. Dharod
- Chandrika Savla
- Femi Gada
- Gouri Suraj Madan
- Gaurav Nalin Shah
- Hemali Kantilal Mota
- Heena Vijay Dedhia
- Harsha Atul Nagda
- Jugal dilip Dedhia
- Jyotsna Manilal Nagda
- Kiran Rana
- Khyati Pasad
- Khyati H. Shah
- Lata Manikant Momaya
- Maitri Naren Gosar
- Mayank Ajay Shah
- Mythri Sunil Chheda
- Manish D. Mota
- Navinchandra Malsi Mota
- Pooja Khiresh Lalka
- Praveen Kapadia
- Raksha Taunk
- Rupal Haresh Savla
- Saurabh Nitin Gala
- Sushama Shah
- Smita D. Mamania
- Uday Karani
- Veena K. Gosar
- Vinod J. Shah
- Vrushika Dand
- Yukta Manoj Heniya

Last month name of Jyoti Laxmichand Nagda was omitted.




**Find out and give your answer by Whatsap SMS or in writing to the above mentioned mobile number by end of the month. the names of the persons who have given correct answer will be published in next issue of NIYAPO.**

## REVISED ADVERTISEMENT RATES

**Effective from 1-10-2015**

**COLOUR**

| | | | |
|---|---|---|---|
| *1 | Last Cover Page Outside | Rs. | 3200 |
| *2 | Second Page (Inside) | Rs. | 2800 |
| *3 | Last Page (Inside) | Rs. | 2800 |
| 4 | Pin Page | Rs. | 2400 |

**BLACK & WHITE**

| | | | |
|---|---|---|---|
| *5 | Full Page | Rs. | 800 |
| *6 | Half Page | Rs. | 500 |
| 7 | Quarter Page | Rs. | 200 |
| 8 | Strip | Rs. | 100 |

Note : If any person gives 12 months advertisements in advance, only 10 months payments will be collected. This concession is allowed in item No.1, 2,3,5 & 6 only marked (*).



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

---

શ્રી સંઘના કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા કચ્છ-મોટા લાયજા હાલ મુંબઈના દ્વિતીય પુણ્યતીથીએ એ ભવ્ય આત્માને શ્રી સંઘના કોટીશ વંદન. જેમણે શ્રી સંઘની પ્રવૃત્તિઓને જાવત જીવત રાખવા મુખ્ય ભાગ ભજવેલ છે.

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે કાચીગુડાથી એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦/- માત્ર. દિવસ દિવસ વધતી જાતી મોઘવારી તથા હાડમારી મદ્દેનજર રાખતા બસનો નકરો રૂ.૫૦/- થી રૂ.૧૦૦/- કરવાનો તથા આજીવન સભ્ય પદ ફી રૂ.૫૦૦/-થી વધારી રૂ.૧૦૦૦/- તથા બસના લાભાર્થી માટે રૂ. ૫૧૦૦/-થી વધારી રૂ.૬૫૦૦/- કરવાતો વિચારાધીન છે. નક્કી થતા આ નકરા જાનેવારી-૨૦૧૭થી લાગુ પડશે જેની નોંધ લેશોજી.

## 31st NIGHT IN KULPAKJI

પાછલા ૪-૫ વર્ષથી ઉપરોક્ત કાર્યક્રમનું નિયમિત આયોજન થાય છે. આ વર્ષે પણ આ કાર્યક્રમનું આયોજન થએલ છે. શનિવાર તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ના બપોરના ૨.૦૦ વાગે, કાચીગુડાથી કુલપાકજી માટે પ્રસ્થાન કરશું સાંજના ૪.૩૦ વાગ્યા સુધી કુલપાકજી પોંહચશું. સાંજનો ચોવિહાર, આરતી પતાવી રાતના ભવ્યાથી ભવ્ય ભક્તી ભાવના રહેશે. તથા રાત્રી મુક્કામ બીજા દિવસે રવિવાર તા.૧ જાનેવરી ૨૦૧૭ના સવારનું નિત્યક્રમ. પતાવી પૂજા પાઠ કરી સ્નાત્રપૂજા સાથે એક વિશીષ્ઠ પૂજનના આયોજનનુ પ્રથત કરશું ગરીબ ભોજન, સ્વામીવાત્સલ્યના પ્રસાદીનું લાભ લઈ બપોરના થોડો આરામ કરી સર્વે યાત્રીકોના સ્નેહમીલનનું કાર્યક્રમ રહેશે. ત્યારબાદ ચા-પાણી, મંદીરના ગેટ પાસેથી ગૌશાળામાં ગો સેવા કરી હૈદરાબાદ માટે પ્રસ્થાન કરશું તથા ૬.૦૦ વાગ્યા સુધી હૈદરાબાદ પોંચશું. મર્યાદીત બે બસોની વ્યવસ્થા છે માટે વેલીતકે નકરાના રૂ.૨૦૦/- આપી પોતાના નામો નોંધાવવા વિનંતી. સંપૂર્ણ

(ક્રમશ:)

કાર્યક્રમના ખર્ચને પહોંચી વળવા રૂા.૨૫૦૦/– લાભાર્થીનો નકરો રાખવામાં આવ્યો છે. વેલી તકે પોતાની સદભાવના શ્રી સંઘ માટે રાખી લાભાર્થીનો લાવો માણી પૂન્યાર્જન કરશોજી. રૂા.૫૦૦/– માં આજીવન સંઘપતી બનવાનો અનેરો લાવો

શ્રી સંઘ તરફથી શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે ઉપ્પર મુજબ યોજના જાહેર થતા એમને સુંદર પ્રતિસાદ સાપડેલ છે. તથા નીચે મુજબ લાભાર્થી પ્રાપ્ત થયા છે.

| | | |
|---|---|---|
| ૧) | જાન્યુઆરી | **શ્રી વિજયભાઈ વોરા** – ૫ વર્ષ માટેના લાભાર્થી |
| ૨) | ફેબ્રુવારી | **શ્રીમતી હંસાબેન કુલીન ધુલ્લા** – ૫ વર્ષ માટેના લાભાર્થી |
| ૩) | માર્ચ | – |
| ૪) | એપ્રીલ | **શ્રીમતી હર્ષાબેન વિશનજી વોરા** – હસ્તે શ્રી તુષારભાઈ વોરા એક વર્ષના લાભાર્થી |
| ૫) | મે | **શ્રીમતી સુશીલાબેન દામજી સાવલા** – ૫ વર્ષ માટેના લાભાર્થી |
| ૬) | જુન | – |
| ૭) | જુલાઈ | **એક સદ્ગૃહસ્થ** – કાયમી સંઘપતીના લાભાર્થી |
| ૮) | ઑગસ્ટ | **શ્રી શતીષભાઈ દેસાઈ** – પાંચ વર્ષ માટેના લાભાર્થી |
| ૯) | સપ્ટેમ્બર | **શ્રી ભરતભાઈ દોમડીયા** – પાંચ વર્ષ માટેના લાભાર્થી |
| ૧૦) | ઓક્ટોબર | **શ્રીમતી હેતાબેન મીતેષભાઈ વોરા**–કાયમી સંઘપતીના લાભાર્થી<br>**શ્રીમતી દેવીકાબેન મગનલાલ ગાલા** – એક વર્ષ માટેના લાભાર્થી |
| ૧૧) | નવેમ્બર | **શ્રી લક્ષ્મીચંદ દના પાસુ છેડા** – હસ્તે સુશીલાબેન દના પાસુ છેડા, એક વર્ષ માટેના લાભાર્થી |
| ૧૨) | ડિસેમ્બર | **શ્રી ભરતભાઈ દોમડીયા** – ૫ વર્ષ માટેના લાભાર્થી |

ઉપરોક્ત યોજનાનુ લાભલેવા સંચાલકનો સંપર્ક કરવા વિનંતી.

સાધારણ ફંડના વૃધ્ધિ માટે રૂા.૧૧૧૧/–ના સંકલ્પ અનુદાન પત્રોનું વિતરણ પૂર જોષમાં ચાલુ છે. સદર રક્કમ ફીક્સ ડિપોઝીટમાં રાખી વ્યાજની રકમથી શ્રી સંઘનો નિભાવ ખર્ચ થાય છે. આપશ્રી આપણા પરિવારના શુભપ્રસંગને યાદગાર બનાવવા તથા સ્વજનોની સ્મૃતીમાં સંકલ્પ અનુદાન પત્રો લઈ પુણ્યાર્જન કરવા વિનંતી.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

છેલ્લા ૪૨ વર્ષથી આપની આંખોની સેવામાં
હૈદરાબાદ-સિકંદરાબાદના
અગ્રગણ્ય હોલસેલ અને રીટેલ ચશ્માના વેપારી


**વોરા ઓપ્ટિક્સ**


**હૈદરાબાદ ઓપ્ટીશીયન**

૧) આંખોના નીષ્ણાત ડોક્ટર/ઓપ્ટોમેટરીસ્ટ દ્વારા જાપાની કમ્પ્યુટર દ્વારા આપની આંખોની તપાસ.
૨) લેટેસ્ટ ડીઝાઈનની સસ્તી, મીડીયમ, પ્રીમીયમ, બ્રાન્ડેડ ફ્રેમોની વિશાળ રેન્જ.
૩) ઉચ્ચતમ ક્વોલીટીના પ્રોગ્રેસીવ, બાયફોક્લ, ફોટો ગ્રે એન્ટીગ્લેર અને પોલારોઈડ ચશ્માના લેન્સીસની અદ્વિતીય શ્રેણી.
૪) ડેલી પહેરવાના અને બ્રાન્ડેડ, તડકાના ચશ્મા (સન ગ્લાસિસ), ડે એન્ડ નાઈટ ડ્રાઈવીંગના સન ગ્લાસેસની વિશાળ રેન્જ.
૫) ગુજરાતી તમામ ભાઈઓ બહેનો માટે વિશેષ છુટ.

દુનિયાની સર્વશ્રેષ્ઠ બાન્ડસના ઓથીરાઈડસ ઓપ્ટીશીયનસ, રેધન, વોગ, ઓકલી, ટોમી હીલફીગર પોલીસ અરમાની, મોન્ટ બ્લેન્ક, સીલૌટી બોસ એન્ડ લોમ્બ.

**VORA OPTICS**
Wholesale Optical House
4-1-355, Shop Nos. 13C / 14C / 21C / 22C,
Malti Naik Plaza,
Hotel Jaya International Lane, Abids,
Hyderabad -500 001.
Ph : 040-66888822 (3 lines) 66888833 (3 lines)

**Vijay Vora - 98490 79797,**
**Rajveer Vora - 8019998877**

**HYDERABAD OPTICIANS**
G-26, Kubera Towers
Near Narayanguda Fly Over,
Himayatnagar, Hyderabad - 500 029

**Vimal Vora - 98480 71069**

(જા. ખ.)